આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

04 દિવસ બાકી મતદાન

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૭૩ | ૧૩ ડિસેમ્બર, ૨૦૧૨, ગુરૂવાર; કારતક વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજે રાજ્યના ૧૫ જિલ્લાની ૮૭ બેઠકો માટે મતદાન

## પોલ ડે મોનિટરીંગ સિસ્ટમના કારણે ભારતનું ચૂંટણી પંચ નવી દિલ્હી અને ગાંધીનગરથી મતદાન પ્રક્રિયા ઉપર સતત વોચ રાખશે:તમામ મથકો ઉપર વહેલી સવારે સાત કલાકે મોક પોલ યોજાશે

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસ બન્ને પાર્ટી માટે પ્રતિષ્ઠાનો જંગ બની ચૂકેલી વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ગુરુવારે મતદાન છે. પ્રથમ ચરણમાં ૨૧૨૬૧ મતદાન મથકો ઉપરથી ૧.૮૧ કરોડ મતદારો મતદાન કરી શકશે.

રસપ્રદ બાબત એવી છે કે મતદાન મથકો ઉપર મતદાન શરૂ થાય તે પહેલાંના કલાકમાં એટલે કે પોલીંગ એજન્ટની હાજરીમાં સવારે સાત કલાકે મોક પોલ યોજાશે અને તેનું પરિણામ જાહેર કરી ઈવીએમમાંથી પરિણામ ડિલીટ કરાશે, ત્યારબાદ મતદારો માટેનું મતદાન શરૂ થશે.

૮૭ બેઠકોના આ તબક્કામાં ૨૯ પાર્ટીઓ સાથે કુલ ૮૪૬ ઉમેદવારો મેદાનમાં છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા સમગ્ર મતદાન પ્રક્રિયાનું સતત મોનિટરીંગ કરવામાં આવનાર છે. રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી અનિતા કરવલે કહ્યું હતું કે પંચે પોલ ડે મોનિટરીંગ સિસ્ટમ વિકસાવી છે જેના કારણે વેબકાસ્ટીંગ











અને એસએમએસ સિસ્ટમથી પ્રત્યેક પોલીંગ સ્ટેશન ઉપર વોચ રાખી શકાશે.

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની બેઠકોના તમામ મતદાન મથકો ઉપર સેન્ટ્રલ ફોર્સિસ સહિત પોલીસ જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. કોઇ જગ્યાએ ગેરરિતી થઈ હશે અથવા તો અશાંતિનું વાતાવરણ સર્જાશે તો ચૂંટણી પંચ જે તે વિસ્તારમાં તુરત જ એકશન લઈ શકશે.

પ્રથમ તબક્કામાં અમદાવાદ ગ્રામ્યની ચાર બેઠકો સાથે કુલ ૧૫ જિલ્લામાં મતદાન થશે. ખાસ કરીને સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ અને તાપીનો સમાવેશ થાય છે.

કોંગ્રેસના ત્રણ સંસદસભ્યો, એક પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપ તેમજ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખોનો ફેસલો થવાનો છે તેવી આ ચૂંટણીમાં સવારે ૮.૦૦ વાગ્યે મતદાન શરૂ થશે અને સાંજે ૫.૦૦ વાગ્યે પૂર્ણ કરાશે. પંચના સૂત્રોએ જણાવ્યું હતું કે મતદાનની ટકાવારીના આંકડા ક્રમશઃ સવારે નવ કલાકે, અગિયાર કલાકે, બપોરે એક કલાકે, ત્રણ કલાકે અને સાંજે પાંચ કલાકે પ્રસારિત કરાશે. મતદાનના ફાઈલન આંકડા મોડી રાત્રે જાહેર કરાશે.

પ્રથમ તબક્કાની ચૂંટણીના પ્રચારના છેલ્લા દિવસે કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી, ભાજપના વરિષ્ઠ નેતા અડવાણી અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જુદી જુદી જગ્યાઓએ જાહેરસભાઓ સંબોધીને મતદારોને પ્રભાવિત કરવાના છેલ્લી ઘડીના પ્રયાસો કર્યા હતા. છેલ્લા ઘણા દિવસથી વડાપ્રધાન મનમોહનસિંહ, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી પણ ચૂંટણી પ્રચાર કરી ચુક્યા છે. પ્રથમ તબક્કામાં ૨૧૨૬૧ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા છે. આ વખતે ભાજપને મુશ્કેલીમાં મૂકવા કેશુભાઈ પટેલ પણ મેદાનમાં છે.

### પ્રથમ તબક્કાના પંદર જિલ્લામાં બેઠકો, મતદાન મથકો અને મતદારો

| જિલ્લો | બેઠકો | મથકો | મતદારો |
|---|---|---|---|
| અમદાવાદ | ૦૪ | ૩૨૮૫ | ૮૬૬૨૬૦ |
| સુરેન્દ્રનગર | ૦૫ | ૧૨૮૩ | ૧૧૦૫૦૯૦ |
| રાજકોટ | ૧૧ | ૨૫૮૯ | ૨૩૮૬૬૭૮ |
| જામનગર | ૦૭ | ૧૬૧૭ | ૧૩૮૧૬૯૧ |
| પોરબંદર | ૦૨ | ૪૨૩ | ૩૯૦૨૬૫ |
| જૂનાગઢ | ૦૯ | ૨૧૮૨ | ૧૮૩૨૯૮૦ |
| અમરેલી | ૦૫ | ૧૨૭૦ | ૧૦૪૯૧૮૯ |
| ભાવનગર | ૦૯ | ૨૦૮૨ | ૧૮૬૨૨૬ |
| નર્મદા | ૦૨ | ૫૬૦ | ૩૭૩૫૬૨ |
| ભરૂચ | ૦૫ | ૧૨૨૪ | ૯૮૬૭૫૨ |
| સુરત | ૧૬ | ૩૭૭૦ | ૩૪૨૫૯૦૧ |
| તાપી | ૦૨ | ૫૫૯ | ૪૨૦૮૫૦ |
| ડાંગ | ૦૧ | ૩૨૦ | ૧૪૪૩૮૨ |
| નવસારી | ૦૪ | ૧૦૮૭ | ૯૦૮૮૬૩ |
| વલસાડ | ૦૫ | ૧૨૫૫ | ૧૦૪૩૨૨૫ |

# સોનિયા ૧૪મીએ કલોલમાં

ગાંધીનગર, તા. ૧૨

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતિ સોનિયા ગાંધી ૧૪મીએ સવારે કલોલ નજીક ઓળા-પાનસર ચોકડી ખાતે કોંગ્રેસની જાહેરસભાને સંબોધશે.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડૉ. સી.જે. ચાવડાએ આજે પત્રકારોને જણાવ્યું હતુ કે ગાંધીનગર જિલ્લામાં કોંગ્રેસની પ્રચાર સભાને સંબોધવા પ્રથમવાર રાષ્ટ્રીય અધ્યક્ષા આવી રહ્યા છે. ૫૦ હજારથી વધુ કાર્યકરો આ સભામાં હાજરી આપશે.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લાની પાંચ તેમજ કડી, મહેસાણા અને વિજાપુર બેઠકના કાર્યકરો જોડાશે. શ્રી ચાવડાએ જણાવ્યું હતું કે જિલ્લાની પાંચેય બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારોને જે આવકાર મળી રહ્યો છે તેને ધ્યાને લેતાં પાંચેય બેઠક પર કોંગ્રેસ વિજયી બનશે તેમાં કોઈ શંકા નથી. તેમણે જણાવ્યું કે જિલ્લા પંચાયત અને કોર્પોરેશનમાં પણ કોંગ્રેસનો વિજય થયો હતો અને વિધાનસભામાં વિજય થશે એ વાત એટલી જ સત્ય છે.



ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાની તૈયારી કરી લેવામાં આવી છે. ઈવીએમને લઈને પ્રેસાઈડિંગ અધિકારીઓ સજ્જ છે.

# ભાજપનુ પ્રચાર સાહિત્ય ભરેલી મીની ટ્રક પકડાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના ઘ-૦ સર્કલ નજીક સ્ટેટીક સર્વેલન્સ ટીમે આજે સાંજે એક ટ્રક ભાજપના પ્રચાર સાહિત્ય સાથે પ્રવેશતાં તેને અટકાવી અને તેની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ મીનીટ્રકમાં ભાજપના પ્રચાર સાહિત્ય ઉપરાંત ટી.શર્ટ પણ હતા. આથી ચોંકી ઉઠેલી ટીમે તાત્કાલિક જિલ્લાતંત્રનો સંપર્ક સાધ્યો હતો અને આ અંગેની કાર્યવાહી અંગે માર્ગદર્શન માગ્યું હતું.

મળતી વિગતો પ્રમાણે ટી. શર્ટના જથ્થાને કબ્જે લેવાની તેમજ આ અંગે જરૂરી કાનૂની પગલાં લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.





# ચૂંટણીજંગમાં વિજય ધર્મ તરફ હોય તેમનો થાય છે : નવજોતસિંહ સિધ્ધુ

## સે. ૨૨માં ભાજપની ચૂંટણી સભામાં નવજોતના કોંગ્રેસ પર આકરા પ્રહારો

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત વિધાનસભાનો ચૂંટણી જંગ એ યુદ્ધ છે અને યુદ્ધમાં વિજય ધર્મ જે તરફ હોય તેનો થાય



છે નરેન્દ્રભાઈ તરફ ગુજરાત છે અને તેમનો વિજય નિશ્ચિત છે. ૧૧૫ બેઠકો તો આવશે એવુ માનતો હતો પરંતુ હવે મને વિશ્વાસ છે કે ૧૫૦ બેઠકો પર ભાજપનું કમળ ખીલશે. તેમ ભાજપના સાંસદ અને પૂર્વ ક્રિકેટર નવજોતસિંહ સિદ્ધુએ આજે જાહેરસભાને સંબોધતાં જણાવ્યું હતું.

સે. ૨૨ ખાતે યોજાયેલી આ સભામાં બે કલાક જેટલો સમય મોડા આવ્યા હતા પરંતુ ૨૫ મિનિટના તેમના પ્રવચનમાં કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા.

શ્રી સિદ્ધુએ જણાવ્યુ હતુ કે કોંગ્રેસના શાસનમાં જે ભ્રષ્ટાચાર ફુલ્યો ફાલ્યો છે તેનાથી સરદાર મનમોહનસિંહે મૌન ધારણ કરી લીધુ છે. તેઓ ગાંધીજીના ત્રણ વાંદરા પૈકી એક વાનરનું સ્વરૂપ ધારણ કરી બેઠા છે.

શ્રી સિદ્ધુએ જણાવ્યુ હતુ કે ગુજરાતમાં દસ વર્ષ પૂર્વે જે સ્થિતિ હતી અને આજે નરેન્દ્રભાઈના નેતૃત્વમાં જે હાંસલ કર્યુ છે તેનાથી સૌ ચકિત છે. તેમણે કહ્યું કે ગુજરાતને આત્મનિર્ભર, સ્વાભિમાની અને રળિયામણુ બનાવવાનો યશ મોદીજીને જાય છે.

તેમણે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે જ્યાં તેઓ જાય છે ત્યાં ત્યાં તેમના પક્ષનો પરાજય થાય છે એટલે ગુજરાતમાં તેઓ આવે તો અહિથી પણ પુરૂ થાય.

શ્રી સિદ્ધુએ કહ્યું કે કોંગ્રેસ તો મુન્ની કરતાં પણ વધુ બદનામ છે અને શીલા કરતાં વધુ લીલામ છે. તેમણે જણાવ્યુ કે કોંગ્રેસના ભ્રષ્ટ શાસનનો જોઈ આજે દેશની રાજનીતિમાં વિશ્વાસની કટોકટી ઉભી થઈ છે લોકો રાજકારણમાં પ્રવેશતા ડરી રહ્યા છે.

તેમણે કહ્યુ હતુ કે ગુજરાતની આ ચૂંટણી મુખ્યમંત્રી પદ માટેની છે એવુ માનતા નહિ પણ પ્રધાનમંત્રીની પસંદગીનો એક મત તમારે આપવાનો છે કે આવુ નેતૃત્વ દેશને જરૂરી છે. રાજનીતિમાં વિશ્વાસને પુનઃ પ્રસ્થાપિત કરવા માટે ભાજપ અને નરેન્દ્રભાઈ જેવુ નેતૃત્વ જ વિકલ્પ છે.

આજની આ સભાને શ્રી વાડીભાઈ પટેલ, મહેન્દ્રસિંહ રાણા, ઘનશ્યામ પટેલ, કાર્તિક પટેલ, સુરેશ મહેતા, આશિષ દવે, કેપ્ટન અભિમન્યુ, હંસાબેન મોદી સહિતના આગેવાનોએ સંબોધી હતી.







ઠંડીનો ચમકારો વહેલી મોડીરાત્રે અને વહેલી સવારે જોવા મળી રહ્યો છે... નગરજનો વહેલી સવારે મોર્નિંગ વૉક માટે અને કસરત કરતાં જોવા મળી રહ્યા છે... વહેલી સવારે ઠંડીની સાથે સાથે ધુમ્મસનું વાતાવરણ જોવા મળ્યુ હતુ સાથોસાથ તાપમાનમાં પણ ઘટાડો થયો છે અને ઠંડીની અસર વર્તાઈ રહી છે...

# ગુજરાતમાં 'આઈ એમ એ સ્ટેટ' એવું શાસન ચાલે છે

## નાણાપંચની ભલામણ મુજબ જ દરેક રાજ્યોને સહાયતા કરવામાં આવે છે, કોઈ પ્રકારનો ભેદભાવ રખાતો નથી : કેન્દ્રએ ગુજરાતને સહાય કરી છે : ચિદમ્બરમ

અમદાવાદ, તા. ૧૨

ગુજરાતમાં હું એક જ સરકાર છું એવું શાસન ચાલી રહ્યું છે. આદર્શ લોકશાહી માટે આ યોગ્ય નથી. લોકશાહીમાં તો પ્રજાનો અવાજ મુખ્ય છે. કેન્દ્રની યુપીએ સરકાર દ્વારા પૂરતી સહાય આપવામાં આવી છે. કેન્દ્ર તમામ રાજ્યોને સહાય કરે છે. જોકે અમે કંઈ ખેરાત કરતા નથી. નાણા પંચની ભલામણ મુજબ દરેક રાજ્યોની જેમ ગુજરાતને પણ મદદ મળે છે. છતાં મહિલાઓ, લઘુમતિઓ તથા શેડ્યુલકાસ્ટના વર્ગને લાભ મળ્યો નથી. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારો વિકાસથી વંચિત છે તેમ કેન્દ્રના નાણામંત્રી પી. ચિદમ્બરમે આજે પત્રકારોને જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, તત્કાલિન કોંગ્રેસના શાસનમાં માધવસિંહ સોલંકી, અમરસિંહ ચૌધરી અને ચીમનભાઈ પટેલની સરકારમાં ગુજરાતનો વિકાસદર ઊંચો હતો.

નાણાપંચની ભલામણ પ્રમાણે ગુજરાતનો અનુદાન મળે છે જે રાજ્ય જેટલો ટેક્સ ભરે છે તે મુજબ નાણાં ફાળવણીનો કાઈટ એરિયા છે. ગુજરાતને ૨૦૦૭-૦૮ના વર્ષમાં ૯૪૦૩ કરોડ, ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૧૨૧૦૬ કરોડ, ૨૦૦૯-૧૦ના વર્ષમાં ૧૩૦૨૨ કરોડ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં રૂપિયા ૧૫૮૬૯ કરોડ તથા વર્ષ ૨૦૧૧-૧૨માં રુપિયા ૧૭૬૫૪ કરોડ તેમજ વર્ષ ૨૦૧૨-૧૨માં ડિસેમ્બર સુધીમાં રૂપિયા ૧૧૫૧૭ કરોડની ગ્રાન્ટ લોન અને અન્ય ફંડ સહાયરૂપે આપવામાં આવ્યું છે.

કેન્દ્ર સરકાર પૂરતી સહાય કરતી હોવા છતાં ગુજરાતના મુખ્યમંત્રી જુઠ્ઠાણા ચલાવી રહ્યા છે મુખ્યમંત્રી પોતાને 'આઈ એમ એ સ્ટેટ' માને છે. લોકશાહીમાં પ્રજાનો અવાજ મુખ્ય છે. દેશના તમામ રાજ્યો પ્રગતિ કરે છે એમાં ગુજરાતનો પણ સમાવેશ થાય છે. કચ્છના સિરક્રીક પાકિસ્તાનને આપવાની હીલચાલના સંદર્ભે મુખ્યમંત્રીએ વડાપ્રધાનને પત્ર લખ્યો હોવાના સંદર્ભે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં

● અનુસંધાન પાન-૭ પર

### ગુજરાતને કેટલા નાણાંની ફાળવણી કેન્દ્રએ કરી.....

| વર્ષ | રકમ રૂા. (કરોડમાં) |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૯,૪૦૩ |
| ૨૦૦૮-૦૯ | ૧૨,૧૦૬ |
| ૨૦૦૯-૧૦ | ૧૩,૦૨૨ |
| ૨૦૧૦-૧૧ | ૧૫,૮૬૯ |
| ૨૦૧૧-૧૨ | ૧૭,૬૫૪ |
| ૨૦૧૨-૧૩ | ૧૧,૫૧૭ (માત્ર ૮ મહીનામાં) |